# અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કામગીરી અંગે બેઠક યોજાઈ

બાયડ તા.૧૯

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ માં યોજાવાની છે. જે અંતર્ગત અરવલ્લીના મોડાસા ખાતે કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

જિલ્લા કલેકટર એ વિભાગના નોડલ ઓફિસર જોડે ચર્ચા કરી હતી. જેમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં નિમણૂક કરેલા દરેક નોડલ ઓફીસરોએ ચૂંટણી લગતી કરવામાં આવેલી કામગીરીની વિગતો કલેકટરશ્રી સમક્ષ દર્શાવી હતી. જે અંતર્ગત નોડલે જણાવ્યું કે, નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અરવલ્લી દ્વારા રાજય ચૂંટણી દ્વારા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી માટે નક્કી કરવામાં આવેલ આદર્શ આચાર સંહિતાનો હજુ સુદીમાં કોઈ ભંગ થયો નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વિભાગ દ્વારા ધોરણ ૬ થી ૧૨ ના વિધ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું. જેમાં અવ્વલ આવનારને પ્રોત્સાહિત કરાશે. બસ, સ્ટેન્ડ,મંદિર, પેટ્રોલ પંપ પર સિગ્નેચર કેમ્પેન શરૂ કરાશે. મતદાન જાગૃતિ માટે જાહેર જગ્યાએ ૬ હજાર જેટલા સ્ટીકરો લગાવવામાં આવ્યા છે. ભિલોડામાં રેલીનું આયોજન કરાયું. મેઘરજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું. પ્રાયોજના વહીવટદારશ્રી અરવલ્લીને માર્ગદર્શન કો-ઓર્ડિનેશન તેમજ ઈ. વી. એમ.ની એફ. એલ. સી. ની સુપરવીઝનની કામગીરી, પ્રિન્સિપાલશ્રી



આઈ.ટી.આઈ.મોડાસા અરવલ્લીને ઇ. વી. એમ. મેનજમેન્ટની કામગીરી, નાયબ પોલીસ અધિકારીશ્રી અરવલ્લીને કાયદો અને વ્યવસ્થા અંગેની કામગીરી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ અરવલ્લીને ઑબ્ઝર્વર્સની નિમણૂક કરવાની કામગીરી, જિલ્લા આયોજન અધિકારીશ્રી અરવલ્લીએ જણાવ્યું કે, મતદાર જાગૃતિ કાર્યક્રમ હેઠળ ૭૦ થી ૮૦ ગામોમાં મતદાન અંતર્ગત શપથ લેવડાવ્યા છે. કોરોનાને લઈને ગાઈડલાઈનનું પાલન થાય છે. એન. આઈ. સી. અને આઈ. સી. ટી ઓફિસરશ્રી અરવલ્લીને કોમ્પ્યુટરાઈઝેશન તથા ઇ-ડેશબોર્ડમાં ડેટાએન્ટ્રીની કામગીરી, જિલ્લા તિજોરી અને તાબાના પેટા તિજોરી તમામ અધિકારીશ્રીઓને હિસાબી બાબતની કામગીરી, ચીટનીશ ટુ કલેકટરશ્રી અરવલ્લીને હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણની કામગીરી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સ્ટાફ એન્ડ ટ્રેનિંગ મેનજમેન્ટની કામગીરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીને વાહનોના સંપાદનની કામગીરી, પ્રયોજના વહીવટદારશ્રી ટી. એસ. પી. અને જિલ્લા રજીસ્ટારશ્રી સહકારી મંડળીઓ ને મટીરીયલ મેનેજમેન્ટની કામગીરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પોસ્ટલ બેલેટ,બેલેટ પેપર, ડમી બેલેટ પેપરની કામગીરી, નાયબ માહિતી અધિકારીશ્રીને મીડિયા મેનેજમેન્ટની કામગીરી, જિલ્લા રમતગમત અધિકારીશ્રીને કોમ્યુનિકેશન પ્લાનની કામગીરી, તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરવલ્લીને તમામ મતદાન મથકો ઉપર કોવિડ -૧૯ ને લગતી તમામ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટરએ જણાવ્યું કે, દરેક અધીકારીઓએ બાકી રહેલી કામગીરી સમયસર પૂર્ણ કરવા અને કોઈ પણ કામગીરી જે વિભાગને સોંપવામાં આવી છે તે કોઈ એક વ્યક્તિ પર નિર્ભર ન રહે. અને મતદાન સમયે મતદારો મતદાન કરવા આવે તે સમયે કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે મતદાન થાય તેનું ખાસ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટ.જે.વલવી સહિત પંચાયતની વિવિધ બેઠકોના આર.ઑ.તથા નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણી જંગ

## બાયડ પાલિકા વિસ્તારમાં તમામ ૧૮ મતદાન મથક અતિ સંવેદનશીલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૧૯

બાયડ નગરપાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો ઉપર ૪૯ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. ૧૮ મતદાન મથક ઉપર ૧૪, ૫૬૮ મતદારો પોતાના મતદાધિકારનો ઉપયોગ કરશે. બાયડ પાલિકાનો ચૂંટણી જંગ તોફાની બનવાની દહેશત વચ્ચે તંત્રએ મળેલ રિપોર્ટ મુજબ તમામ ૧૮ મતદાન મથકોને અતિ સંવેદનશીલ જાહેર કર્યા છે. એક રીતે ૧૦૦% મતદાન મથકો બાયડ પાલિકા

**૧૦૦% મતદાન મથકો ભયભીત, મતદાન ખોરવવાનો પ્રયાસ કર્યો તો આવી બન્યું!!**

વિસ્તારમાં ભયભીત જાહેર થયા છે ત્યારે મતદાન સમયે ખલેલ પહોંડાનારનું આવી બનશે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. બાયડ પાલિકામાં ભાજપા-કોંગ્રેસ માટે જીતની મુખ્ય ચાવી ૭૦૯૪ મહિલા મતદારો અને યુવા મતતારોના હાથમાં છે. બાયડના મતદારો પરિવર્તનની તરફેણમાં છે તેવું કેટલાક મતદારો ખુલીને બોલી રહ્યા છે. પરિવારવાદ સામે પણ પ્રજામાં આક્રોશ છુપો રહી શક્યો નથી ત્યારે તા. ૨૮મી ફેબ્રુઆરી બાયડ, અરજણ વાવ, ધડુશીયા મઠ, સુંદરપુરાના તમામ બુથ અતિ સંવેદનશીલની શ્રેણીમાં મુકવાની સાથે મતદાન મથકો ઉપર એસ.આર.પી. તથા સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ઉભો કરવામાં આવશે. બાયક પાલિકામાં ભાજપા-કોંગ્રેસના ઉમેદવારો જાહેર થયા પછી કેટલાક મતદાર મથકો ઉપર સઘન તકેદારી રાખવામાં આવી શકે છે.

# વિજયનગર તાલુકામાં મતદાર જાગૃતિ અંગે રેલી યોજાઈ

વિજયનગર, તા. ૧૯

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી- ૨૦૨૧ અંતર્ગત મતદારોને પ્રોત્સાહિત કરવા તેમજ મતદાન માટે પ્રેરાય અને કાયદા નિયમોથી વાકેફ થાય તેમજ ચૂંટણી પ્રક્રિયા અંગે સમજણ મેળવે એ હેતુથી સ્થાનિક સ્વરાજ ચૂંટણી ૨૦૨૧માં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લા શિક્ષણ વિભાગ ધ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.



વિજયનગર તાલુકામાં મતદાર જાગૃતિ અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઈ ચૌધરી ની રાહબર હેઠળ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.આર.પટેલ, બી.આર.સી. કૉ. ઓર્ડી ડૉ.કૌશિકભાઈ શાહ તેમજ તાલુકા કક્ષાના સીઆરસી દ્વારા શિક્ષકોની મદદથી તાલુકાના વિવિધ ગામડાઓમાં બાઈક રેલી, ખેડૂત મતદાર ને જાગૃત કરવા, નાટકો,અભિનય ગીતો, મહેંદી હરીફાઈ ,રંગોળી દ્વારા મતદારોને પ્રેરણા રૂપ શ્લોગન દ્વારા મતદાર જાગૃતિ ના કાર્યક્રમ કરવામાં આવ્યા. તાલુકા ની શાળા ઓમાં શિક્ષક મિત્રો દ્વારા મજૂર વર્ગ, વેપારી વર્ગ,ખેડૂત મિત્રો ને ઈ.વી.એમ નિદર્શન દ્વારા મતદાન માટે ની વિસ્તૃત સમજ આપવામાં આવી. શાળાકક્ષાએ મતદાર જાગૃતિ અંતર્ગત મતદારો ને સૂત્રો તેમજ બી. એલ. ઓ દ્વારા રાહદારીઓને સમજ આપવામાં આવી.આ કાર્યક્રમ મા તાલુકા ના મામલતદાર સાહેબ શ્રી દ્વારા માર્ગદર્શન અને ઈ.વી.એમ.માટે મદદ પૂરી પાડવામાં આવી.

# મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં પરોઢે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતાં મુસાફરો અસલામત

## વહેલી બસ પકડવા આવતાં મુસાફરો પરેશાન

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૧૯

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં વહેલી પરોઢે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાથી મુસાફરો અસલામતી અનુભવી રહ્યા છે. સવારના સમયે બસ ડેપોમાં મુસાફરો આવતાં હોય છે પરંતુ અંધારાના કારણે પ્લેટફોર્મ સુધી પહોંચવા માટે ફાંફા મારવા પડે તેવી સ્થિતિ ઉભી થતી હોય છે. કામચલાઉ એસ.ટી. ડેપોમાં અજવાળું પથરાય તે રીતે સ્ટ્રીટ લાઈટો લગાવામાં આવી ન હોવાથી ખાસ કરીને પરોઢે મહિલા મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉભો થયો છે.

મોડાસામાં કરોડો રૂપિયાના ખર્ચે આઈકોનિક બસપોર્ટનું કામ ચાલી રહ્યું છે જેના કારણે એસ.ટી. ડેપોનું સંચાલન મેઘરજ રોડ સહકારી જીનમાંથી થઈ રહ્યું છે પરંતુ જ્યારથી હંગામી ડેપો અહીં શરૂ કરવામાં આવ્યો ત્યારથી મુસાફરોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થયો છે. બસ ડેપોમાં વાહનચોરોએ ધામા નાખતા વાહનો ચોરાઈ રહ્યા છે જ્યારે શોષ ખાડા ઉભરાતા હોવાથી એસ.ટી. ડેપોમાં પારાવાર ગંદગી ફેલાતાં મુસાફરોમાં રોષ સ્વભાવિક છે ત્યાં હંગામી એસ.ટી. ડેપોમાં સ્ટ્રીટ લાઈટોની અપર્યાપ્ત સુવિધાના કારણે ખાસ કરીને વહેલી પરોઢે મુસાફરોને અંધારે અથડાવાનો વારો આવતો હોય છે. મોટા ભાગે સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાથી વહેલી સવારે મુસાફરો અંધારાના કારણે હાલાકીમાં મુકાતા હોય છે. એસ.ટી. ડેપોમાં પ્લેટફોર્મ ઉપર બસનું બોર્ડ વાંચવું હોય તો પણ મુશ્કેલી ઉભી થાય તે રીતે અજવાળું ઓછું રહેતું હોય છે. ડેપોમાં સ્ટ્રીટ લાઈટો શોભાના તાજરૂપ હોય તે રીતે વહેલી સવારે અપૂરતો પ્રકાશ ફેલાવે છે જ્યારે અન્ય સ્થળે અજવાળું રહેતુ ન હોવાથી પરિવાર સાથે બસ ડેપોમાં આવતા મુસાફરો અટવાતા હોય છે.

# બાયડમાં યુવકને કેફી ચા પીવડાવી ગઠીયા ચાંદીનું કડું સેરવી ગયા

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૯

બાયડમાં નગરપાલિકાની ચુંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. પોલિસ ચુંટણી બંદોબસ્તમાં વ્યસ્ત થતાં ગઠીયા ટોળકીએ માયા વિસ્તારી હોય તેમ ચોઈલા રોડ ઉપર ટોટુ ગામના માલધારી યુવકને ચામાં કેફી દ્રવ્ય પીવડાવી ગઠીયા ટોળકી રૂા.૧૨૦૦ની રોકડ તેમજ ચાંદીનું કડું સેરવી પલાયણ થઈ જતાં સનસનાટી મચી હતી. ધોળે દિવસો ગઠિયાઓએ કસબ અજમાવી પોલિસને પડકાર ફેંક્યો હોવા છતાં પોલિસ ફરિયાદ થઈ ન હોવાથી ગઠિયાઓના હાથે અન્ય લોકો છેતરાઈ તેવી સંભાવના છે.

રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ નગરમાં યોજાનારી નગરપાલિકાની ચુંટણી ઉપર રાજકીય પંડીતોનું ધ્યાન કેન્દ્રિત થયું છે. રાજકીય પક્ષોના ઉમેદવારોએ જોર-શોરથી પ્રચાર શરૂ કર્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે માટે પોલિસ ચુંટણીલક્ષી કામમાં વ્યસત રહેતા તેનો સીધો ફાયદો ઉઠાવવા માટે ગઠીયાઓ સક્રિય થયા છે ગત રોજ તાલુકાના ટોટુ ગામનો દિનેશ માલાભાઈ

**ચુંટણીના રંગમાં ગઠીયાઓએ માયા વિસ્તારી, પોલિસ ફરીયાદ ન થતાં આશ્ચર્ય**

ભરવાડ ઘરેથી ખરીદી માટે બાયડ આવ્યો હતો. જ્યાં બપોરના સમયે ચોઈલા રોડ ઉપર ઉભો હતો જે સમયે ૩ ગઠીયાઓ તેની પાસે આવ્યા હતા અને માલધારી યુવાનને વાતોમાં ભોળવી ચા પીવાનો આગ્રહ કર્યો હતો. જેમાં ચબરાક ગઠીયાઓએ યુવકની નજર ચુકવી ચા માં કેફી દ્રવ્ય નાખતાં ચા પીધા પછી યુવકે હોશકોશ ગુમાવી દેતા ગઠીયાઓ તેની પાસેથી ચાંદીનું કડું અને રોકડ રકમ આંચકી પલાયન થઈ ગયા હતા. ગઠીયાઓના હાથે છેતરાયેલા માલધારી યુવકને ચા પીધાની થોડીક મિનીટો પછી હોશ આવતા હાથમાંથી ચાંદીનું કડું અને રોકડ રકમ ગાયબ થઈ ગઈ હોવાનું જણાઈ આવ્યું હતું. ગઠીયાઓના હાથે છેતરાયા બાદ યુવક પોલિસ સ્ટેશને પહોંચ્યો હતો પરંતુ કોઈપણ કારણસર વીધિવત ફરીયાદ દાખલ ન થતાં આશ્ચર્ય ઉભું થયું છે. બાયડ પોલિસ સ્ટેશનના સુત્રોનો સંપર્ક કરતાં માલધારી યુવક પોલિસ સ્ટેશને આવ્યો હતો અને પોતાની હકિકત મૌખિક વર્ણવી માત્ર અરજી આપ્યાનું જણાવ્યું છે. ધોળે દિવસે છેતરવાનો ગંભીર બનાવ છતાં પોલિસે માત્ર અરજીથી સંતોષ માન્યો હોવાથી ગઠીયા ટોળકી અન્ય લોકોને નિશાન બનાવી શકે છે.

# ધનસુરા કેળવણી મંડળ સંચાલિત ઉચ્ચતર પ્રાથમિક વિદ્યાલયમાં ૬ થી ૮ના વર્ગો શરૂ




ધનસુરા, તા. ૧૯

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત ઉચ્ચતર પ્રાથમિક વિદ્યાલય માં ૬ થી ૮ ના વર્ગો શરૂ સરકાર ની ગાઈડ લાઈન મુજબ વર્ગો શરુ કરાયા વાલીઓના સંમતિ પત્રક સાથે શૈક્ષણિક કાર્ય શરુ મંડળ ના ધીરૂભાઈ પટેલ,હસમુખભાઈ પટેલ અને આચાર્ય વિક્રમભાઈ પટેલ એ જણાવ્યું હતું કે સ્કૂલ માં બાળકોનું માસ્ક,સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝ જેવી બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે મંડળ ના ટ્રસ્ટી મોતીભાઈ પટેલ,પ્રમુખ કાંતિભાઈ પટેલ, મંત્રી ધીરૂભાઈ પટેલ,સહમંત્રી હસમુખભાઈ પટેલ,મંત્રી ગોવિંદભાઈ પટેલ,ગોપાલભાઈ ઠેકડી,વિઠ્ઠલભાઈ પટેલ આચાર્ય વિક્રમભાઈ પટેલ એ વિદ્યાર્થી ઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ઈડર તાલુકા પંચાયતની ચોરિવાડ બેઠક પર ભારે રસાકસી ભર્યો જંગ

ઈડર તા.૧૯

ભાજપ, કોંગ્રેસે ઉમેદવાર પસંદગી માં સ્થાનિક પરિસ્થિતિ, સામાજીક પરિસ્થિતિ વગેરે

**કોંગ્રસે પૂર્વ પ્રમુખ અને ભાજપે પૂર્વ સરપંચને મેદાને ઉતાર્યા**



બાબતો ધ્યાન મા રાખી જીત મેળવે તેવા ઉમેદવારો ને મેદાને ઉતાર્યા છે.ત્યારે ઈડર તાલુકા પંચાયત ની ચોરીવાડ ની સા. શૈ. પછાવર્ગ ની બેઠક પર ભાજપે તેના મજબૂત ઉમેદવાર સિનિયર કાર્યકર અને ચોરિવાજ ગ્રામ પંચાયતના પૂર્વસરપંચ ભરત છગનભાઈ પટેલ ને મેદાનમાં ઉતાર્યા છે,તો સામે કોંગ્રેસ પક્ષે પણ તાલુકા પંચાયત ના પૂર્વ પ્રમુખ એકતા બેન પટેલ ને રીપિટ કરતા બંને પક્ષે એકજ આંજણા ચૌધરી સમાજ ના ઉમેદવારો ને સામસામે મેદાને ઉતારતાં ચોરીવાડ ની સીટ પર જીત મેળવવા બંને ઉમેદવારો એડિચોડી નુ જોર લગાવી મતદારો ને પોતાની તરફેણમાં કરવા ના પ્રયત્ને મુકાબલો રસપ્રદ બનવા પામ્યો છે.અને તાલુકાના લોકોની નજર ચોરીવાડ બેઠક પર મંડાયેલી છે.

# પ્રાંતિજમાં જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ઈકો કાર ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ટુડોર ત્રણ રસ્તા પાસે પ્રાંતિજ પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન એક ઈકોકાર માથી લાકડી મળી આવતા ઈકો કાર ચાલકે સંતોષ કારક જવાબ ના આપતા ઈકો કાર ચાલક સામે પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના ટુડોર ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગ માં હતી તે દરમ્યાન એક ઈકોકાર નંબર-GJ-9-BF-1217 ને ઉભી રાખતા ડ્રાઈવર ની સીટ ની નીચે થી એક વાસ લાકડી ઉપર લોખંડ ના તાર તથા લોખંડ ના પતરાથી ગુથેલ લાકડી મળી

**તલોદના મોઢુકાના ઇકો ચાલક વિરૂધ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ બદલ ફરિયાદ : ઇકો કારમાં લાકડી રાખવા બદલ ઇકો કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધાયો**

આવતા લાકડી રાખવા બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપતો ના હોય તો પ્રાંતિજ પોલીસે ઈકો કાર ચાલક ને સાબરકાંઠા જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામાનો ભંગ કરવા બદલ ઈકો કાર ચાલક વિપુલ કુમાર જયંતિભાઈ પટેલ ઉ વર્ષ-૩૧ રહે.મોઢુકા તા.તલોદ . જી.સાબરકાંઠા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુનોનોધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં ચોરેલા બાઈક સાથે આરોપીની અટકાયત

## સિવિલના પ્રાંગણમાંથી બાઇક ચોર્યાની કબૂલાત




ડીસા, તા. ૧૯

પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોથલીયા (બોર્ડર રેન્જ ભુજ), બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક તરૂણકુમાર દુગ્ગલ તથા નાયબ પોલીસ અધિક્ષક ડો.કુશાલ.આર.ઓઝા ( ડીસા વિભાગ) એ મિલકત સંબધી ગુના શોધી કાઢવા સૂચન કરેલ .જેથી ડીસા શહેર ઉત્તર પી.આઈ.જે. વાય. ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ પી. એસ. આઈ.એન.કે.પટેલ તથા સ્ટાફના અ.હેડ.કો.અશોકસિંહ, અ.પો.કો.ભુરાભાઈ, અ.પો.કો. શૈલેષકુમાર, અ.પો.કોન્સ વનરાજજી, અ. પો.કોન્સ. હરસેન્ગભાઈ વિગેરે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ડીસા જુના બસસ્ટેન્ડ પાસેથી એક શંકાસ્પદ હીરો કંપનીનું એચએફ ડીલક્ષ નંબર પ્લેટ વગરના બાઈક સાથે એક ઈસમ પકડયો હતો. જેની પુછપરછ કરતા તથા સીસીટીવી ફૂટેજ આધારે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતેથી ચોરાયેલ બાઈક હોવાનું જણાતા આરોપી સેધાજી જેણાજી રાઠોડ (દરબાર) રહે-મુડેથા ભલાણી પાર્ટીને પકડી ડીસા શહેર ઉત્તર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.- ૧૧૧૯૫૦૧૬૨૧૦૦૮૦/૨૦૨૧ ઈપીકો કલમ-૩૭૯ મુજબનાં ગુનામાં આરોપીને બાઈક સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બામણા કોલેજમાં વસંત પંચમીની ઉજવણી કરાઈ



ભિલોડા,તા.૧૯

કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમિ અને પ્રકૃતિના સાનિધ્યમાં આવેલ સ્વ.એસ.એચ.જોષી અને બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બામણામાં વસંત પંચમીની ઉજવણી યોજાઈ હતી.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મંત્રી જગદીશભાઈ જોષી, પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ, ડૉ.ભીખાભાઈ પટેલએ વિદ્યાર્થીઓને વસંત ઋતુનું માનવ પર પ્રભાવ અને વિદ્યા દેવી સરસ્વતી આરાધના કવિવૃંદોના સાનિધ્યમાં પ્રકૃતિની વાત રસમય રીતે રજુ કરી હતી.ઉત્સવને સફળ બનાવવા સ્ટાફ પરીવારએ જહેમત ઉઠાવી હતી. આભાર દર્શન પ્રો. અક્ષય પ્રજાપતિએ કર્યુ હતું.

# રાવોલ પ્રાથમિક શાળામાં વોટટ કુલરની ભેટ અપાઈ



નેત્રામલી, તા. ૧૯

ઈડર તાલુકાના રાવોલ ગામના વતની સ્વર્ગસ્થ ચંદુલાલ ત્રિવેદીના સ્મરણાર્થે શ્રીમતી પુષ્પાગૌરી રમણિકલાલ ત્રિવેદી દ્વારા રાવોલ પ્રાથમિક શાળામાં વોટરકુલરની સપ્રેમ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ તબક્કે શાળા પરિવારે હર્ષની લાગણી અનુભવી હતી અને દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરી ધન્યવાદ પાઠવ્યા હતા.

## અવસાન નોંધ..



ઈડર તાલુકાના કુકડીયા ગામના વતની નાઈ હસમુખભાઈ દેવાભાઈનું દુઃખદ અવસાન તારીખ ૧૯/૨/૨૦૨૧ ને શુક્રવારના રોજ થયેલ છે. સદગતનું બેસણું તેમજ સામાજિક લૌકિક ક્રિયા તેમના નિવાસસ્થાને કુકડીયા મુકામે તારીખ ૨૨/૨/૨૦૨૧ ને સોમવારના રોજ રાખેલ છે.